## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




આ જોયુ !! તમારા વખતમાં મુર્ગા જ લડાવાતા હતા...!!

# સેક્ટર-૬ અને ૪ માંથી ઈકોના સાયેલન્સરની ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરી વિસ્તારમાંથી ઈકો કારના સાયલેન્સર ચોરીની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. ત્યારે ઈકોના સાયલેન્સર ચોરી અંજામ આપતા શખ્સોએ ગતરોજ રાત્રીના સમયે સેકટર-૬ અને સેકટર-૪ એ ખાતે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી ઈકો કારના સાયલેન્સર ચોરી કરીને પલાયન થઈ ગયા છે. જેથી બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧ લાખના સાયલેન્સર ચોરીની ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર અડાલજ અટલ આવાસમાં રહેતા પ્રકાશભાઈ કાંતિભાઈ પટેલ વર્ધી મારી ગુજરાન ચલાવે છે. તેના પિતા સરકારી કોલેજમાં પ્યુનમાં ફરજ બજાવતા હોવાથી સેકટર-૬ ખાતે ૫૩-૩ જ ટાઈપનું મકાન ફળવાયેલ હતું. જેથી પ્રકાશ ઈકો ગાડી સેકટર-૬ માં ઘર પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરીને અડાલજના ઘરે ગયો હતો. જયારે બીજા દિવસે સવારે આવીને ગાડી ચાલુ કરતા સાયાલેન્સરનો અવાજ બદલાયેલ લાગ્યો હતો. જેથી ઈકોની નીચે તપાસ કરતા સાયલેન્સર ચોરી થઈ ગયું હતું. જેથી ચોરી થયેલા સાયલેન્સરની શોધખોળ આદરી હતી. જયારે બીજીતરફ પ્રકાશના સેકટર-૪ એ પ્લોટ નં.૧૫૦-૨ ખાતે રહેતા વિજય રણછોડભાઈ પનાગરની ઈકો ગાડીમાંથી પણ સાયલેન્સરની ચોરી થઈ ગયુ છે. બંન્ને મિત્રો એ સાયલેન્સર અંગે શોધખોળ કરી હતી.પરંતુ સાયલેન્સર મળી ન આવતા આખરે પ્રકાશ પટેલે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧ લાખના સાયલેન્સર ચોરીની ફરીયાદ નોંધાવી છે

# માણેકપુર પાસે જીપડાલાની ટક્કરે ઓરેવા પર સવાર ત્રણ સગીર પૈકી એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-વિજાપુર માર્ગ પર અંબોડ થી માણેકપુર તરફ જતા રોડ પર શુક્રવારે મોડી સાંજે ઓરેવા મોપેડને પીકઅપ ડાલાના ચાલકે પોતાનું ડાલુ પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા ઓરેવા અડફેટે આવી ગયું હતું. આ બનાવમાં ઓરેવા પર સવાર ચૌદ વર્ષના બે સગીરને ગંભીર ઈજા પહોંચી હતી.

જયારે ૬ વર્ષના માસુમ બાળકનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માણસાના માણેકપુર ગામમાં રહેતા ત્રણ સગીર સાંજના સમયે ઓરેવા લઈને નીકળ્યા હતા. ત્યારે અંબોડ થી માણેકપુર તરફ જતા રોડ પર પીકઅપ ડાલા નં. જી.જે.૧૩.વી.-૫૮૦૯ ના ચાલકે પુરપાટ ઝડપે જીપડાલુ હંકારી ઓરેવા મોપેડને અડફેટે લેતા ત્રણેય કિશોર માર્ગ પર પટકાયા હતા. ત્રણેય ને શરીરને ગંભીર ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.

જયારે અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં દોડી આવ્યા હતા. હોસ્પિટલ ખાતે ત્રણેય બાળકોની સારવાર શરુ કરી દેવાઈ હતી. જો કે સારવાર દરમિયાન ૬ વર્ષના યશ નામના બાળકનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતા પરિવાર પર આભ તુટી પડ્યું હતું. બનાવની જાણ થતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### એસીબીના એએસઆઈની ઈમાનદારી

# રીક્ષાચાલકને રૂપીયા અને જરુરી કાગળોવાળુ પર્સ પરત કર્યું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના ડભોડા (આનંદપુરા) ગામના શૈલેષજી લાલાજી સોલંકીની દિકરીના લગ્ન હોવાથી તેઓ ગઈકાલે પરિવાર સાથે ખરીદી માટે ચિલોડા ગયા હતા. તે દરમિયાન શૈલેષજીના પેન્ટના પાછળના ખિસ્સામાં પાકીટ રાખ્યું હતું.

જેમાં રીક્ષાની આર.સી.બુક, એટીએમ કાર્ડ, તેમજ જરુરી કાગળો અને અંદાજીત રૂ.૭.૫૦૦ હતા. ચિલોડા વિસ્તારમાં પાકીટ પડી ગયું હતું. જેથી શૈલેષજીએ પાકીટ અંગે શોધખોળ આદરી હતી. પરંતુ પાકીટ ન મળતા આખરે નિરાશ થઈને શૈલેષજી બેઠા હતા. તે સમયે અચાનક તેમનો મોબાઈલ ફોન રણકી ઉઠ્યો હતો.

ત્યારે ના છુટકે તેઓ ફોન ઉપાડે છે. જેથી સામે છેડે થી એસીબી પોલીસ મથકના એએસઆઈ દશરથભાઈ વાઘેલા પોતાનો પરિચય આપી પર્સ વિશે જરુરી પુછપરછ કરે છે. જેથી શૈલેષજી પોતાની આપવીતી જણાવે છે. ત્યારબાદ એએસઆઈ દશરથભાઈ વાઘેલા ખોવાયેલુ પર્સ તેમને મળ્યું છે અને તેમની પાસે હોવાનું જણાવતા શૈલેષજીના ચહેરા પર ચમક આવી જાય છે. તેઓ તાત્કાલીક રીક્ષા લઈ એસીબી ઓફિસ ખાતે પહોંચે છે.જયાં દશરથભાઈ પોતાને મળી આવેલુ પર્સ શૈલેષજીને પરત કરે છે. ત્યારે પર્સમાં રહેલા જરુરી કાગળો જોઈ શૈલેષજી આનંદિત થઈ જાય છે.




ત્યારે આજના આ સમયમાં રૂપીયા માટે પોતાના ભાઈને પણ મારતા અચકાતા નથી તેવા યુગમાં દશરથભાઈએ રૂપીયા ભરેલુ પર્સ પરત કરી ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે. ત્યારે એસીબીના સ્ટાફના અધિકારી-કર્મચારીઓએ પણ દશરથભાઈની ઈમાનદારીને બિરદાવી હતી.

# ગલુદણમાંથી બાજી માંડીને બેઠેલા ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૪

ગાંધીનગરના ગલુદણ નદીવાળા વાસ ખાતે જુગાર રમતા ચાર જુગારીઓને દાવ અને અંગજડતી દરમિયાન મળી આવેલા રૂ.૧૪૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી ૪ જુગારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ગલુદણ ગામ પાસે આવતા તેમને બાતમી મળી હતી કે ગલુદણ ગામના નદીવાળા વાસ ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.જેથી પોલીસે સ્થળ પર જઈ જુગાર રમતા શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે જુગારીઓને પકડીને તેમના નામ પુછતા તેઓએ પ્રવિણજી ઉર્ફે લાલો રઈજીજી ઠાકોર, નિખિલ પ્રતાપજી ઠાકોર, રૂમાલજી જયંતિજી ઠાકોર (તમામ રહે, ગલુદણ ગામ) અને લક્ષ્મણજી મગાજી ઠાકોર (રહે,સોનારડા ગામ) હોવાનું જણાવ્યું હતું. પોલીસને દાવ પરથી રૂ.૨૮૦ અને અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧૧૩૦ મળી કુલ રૂ.૧૪૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓ સામે જુગારધારા હેઠળ ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




તારીખ ૫ ને રવિવારે સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા પાંચમા સમુહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ અને સમુહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૪૭ બટુક સમુહજનોઈ ની ભવ્ય તૈયારી કરવામાં આવી છે.



વાવોલ ખાતે ઘનશ્યામભાઈ ગોલ તરફથી રાંદલમાંનું તેડુ અને આનંદનો ગરબો યોજાયો હતો.

# નભોઈ નર્મદા કેનાલ પર બાઈક સેફટીગ્રીલ સાથે ટકરાતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૪

કોબા સર્કલ થી નભોઈ નર્મદા કેનાલથી સામાન્ય અંતરે ચાલકે બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક રોડની સાઈડમાં સેફટી ગ્રીલ સાથે ટકરાતા ચાલકને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બાઈક ચાલકનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ ગ્રીનસીટી સોસાયટી-૧ ખાતે રહેતા રૂષીકેશ નિલેશ વ્યાસ પરિવાર સાથે રહે છે અને અમદાવાદ નોવો કંપનીમાં માર્કેટીંગ રીટ્રેજનટેટીવ તરીકે ફરજ બજાવે છે. ગતરોજ સવારના સાડા દશ વાગ્યાના સમયે રૂષીકેશ વ્યાસ બાઈક લઈને અમદાવાદ નોકરી જઈ રહ્યા હતા. તે સમયે નભોઈ કેનાલથી આગળ રોડની કિનારી ઉપર રાહદારીઓનું ટોળુ એકઠુ થયું હતું. રૂષીકેશ ભાઈએ ત્યાં જઈને જોયુ તો અમારી સોસાયટીના બ્લોક નં-આઈ-૫ ખાતે રહેતા નિરંજનભાઈ નિગરાજભાઈ ચૌધરી રોડની સાઈડમાં બેભાન પડી રહ્યા હતા.

જયારે તેમનુ બાઈક જી.જે.૧૮.સી.ડી.-૦૯૫૨ અકસ્માતગ્રસ્ત રોડની સાઈડમાં પડ્યું હતું. જેથી અકસ્માત અંગે પુછપરછ કરતા જાણવા મળ્યું કે નિરંજનભાઈ પોતાનું બાઈક લઈને જઈ રહ્યા હતા. તે સમયે અચાનક તેઓએ બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક રોડની સાઈડમાં સેફટી ગ્રીલ સાથે ટકરાતા તેઓ નીચે પટકાયા હતા. રાહદારીઓએ ૧૦૮ને કોલ કરતા આવી જતા ઈજાગ્રસ્તને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. તે સમયે ઋષિકેશભાઈએ અન્ય સોસાયટીના સભ્યોને જાણ કરી હતી. ત્યારબાદ અમદાવાદ જઈને કામ પુરુ કરીને સિવિલ હોસ્પિટલ આવતા તેઓને જાણ થઈ કે નિરંજનભાઈનું મૃત્યુ નિપજયું છે. અકસ્માતમાં નિરંજનભાઈને માથાના ભાગે ફ્રેકચર અને શરીરે ગંભીર ઈજા પહોંચતા ડોકટર દ્વારા તેઓને ચકાસીને મૃત જાહેર કરાયા હતા.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર તાલુકા સંકલન સમિતિની બેઠક આજે પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને મળી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે દિવસના તાપમાનમાં વધારો નોંધાયો હતો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● જિલ્લાના તબીબોની સમીક્ષા બેઠક જિલ્લા આરોગ્ય અધિકારીએ યોજી હતી.

● જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે પ્રાકૃતિક ખેતી અંગેની જિલ્લાકક્ષાની સમિતિની બેઠક યોજાઈ હતી.

● લંડનનિવાસી સરઢવના વતની મનુભાઈ નાયીના પુસ્તક "મારૂ જીવન પુષ્પ"નું આજે ઈન્ફોસીટી કલબમાં એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં વિમોચન કરાયુહતુ.

● ગાંધીનગર શહેરમાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત ૬૨ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા હતા.

● કલોલમાં પોલીસની ઓળખ આપી ઠગ ટોળકી વૃદ્ધના બે લાખ સેરવી ગઈ હોવાની ઘટના નોંધાઈ છે.

● કડજોદરાના જુના થાંભલિયા પ્રા. શાળાના ૬૮મા સ્થાપના દિવસની ઉજવણી કરાઈ છે.

● દહેગામ તાલુકાના સામેત્રી ખાતે એક દિવસીય બાગાયત ખેતીની તાલિમનો કાર્યક્રમ યોજાયો હતો.

● ગાંધીનગરમાં બે ઈકો ગાડીના સાયલન્સર ચોરીની ઘટના સે. ૭ પોલીસમાં નોંધાઈ છે.

● માણસાના માણેકપુર ગામે પીકઅપડાલુ અને સ્કૂટી વચ્ચે અકસ્માત થતાં ૧ વ્યક્તીનુંમોત થયુ છે.

● સે. ૨૨ની વાસ્તુનિર્માણ સોસાયટીના બગીચામાં બહેનો માટે યોગ વર્ગનો પ્રારંભ કરાયો છે.

● જીઈબી ખાતે આવેલ પ્રા. શાળામાં બાળકોને ગજાનન સેવા સમિતિ દ્વારા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● જામળા પાસે આવેલ રણછોડપુરા ગામ ખાતે માતાજીના મંદિરે પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

● ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે આગામી ૭મી ફેબ્રુઆરીના રોજ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૪ સ્થાનો પર શ્રધ્ધાદીપ-ગ્રીનક્રોસ લેબ. દ્વારા ડાયાબીટીસ ચેક-અપના કેમ્પ યોજાયા હતા.

# સેક્ટર ૩૦ પ્રાથમિક શાળામાં વિશ્વ કેન્સર દિવસની ઉજવણી

ગાંધી.તા.૦૪

સેક્ટર ૩૦ પ્રાથમિક શાળામાં વિશ્વ કેન્સર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને કેન્સર રોગની ગંભીરતા વિશે સમજાવવામાં આવ્યુંહતું. તેની તકેદારી રૂપે વ્યસન કરીશુંનહીં અને કોઈને કરવા દઈશુંનહીં વ્યસન મુક્ત ઘર બનાવીશું તેવી પ્રતિજ્ઞા બાળકો દ્વારા લેવામાં આવી હતી.





રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિર તા. ૧-૨-૨૩ થી તા. ૭-૨-૨૩ સુધી કલોલ તાલુકાના પલિયડ ગામે યોજાઈ છે. કોલવડા આયુર્વેદ હોસ્પિટલ અને ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા દ્વારા આયુર્વેદ સર્વ રોગ નિદાન કેમ્પ રાખેલ છે તેમાં નિઃશુલ્ક દવાઓ આપવામાં આવેલ. ૧૫૧ દર્દીઓએ લાભ લીધો હતો.

# દહેગામ તાલુકાના રખિયાલ ખાતે ખેતીવાડી ખાતા દ્વારા તાલિમ યોજાઈ

ગાંધી.તા.૦૪

દહેગામ તાલુકાના રખિયાલ મુકામે,લોકનાદ બી.એડ કોલેજ ખાતે નેશનલ ફૂડ સિક્યુરિટી મિશન યોજના અંતર્ગત ખેડૂત તાલીમ શિબિર યોજાઈ હતી.જેમાં દ્રહ્લજીસ યોજનાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ ખેડૂતો ને પાકૃતિક ખેતી વિષયક વિગતવાર સમજ આપવામાં આવી હતી . ખેડૂતો ને પી એમ કિસાન યોજના અંતર્ગતી-ત્અષ્ઠ ની માહિતી આપી, ગુજરાત રાજયની ખેતીની જમીનોમાં ઓર્ગેનીક કાર્બન , નાઈટ્રોજન , ઝીંક સલ્ફર , વગેરે પોષકતત્વોની મોટી ઊણપ હોવાથી કોઈપણ પ્રકારની ખેતી પ્રવૃતિમાં પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી તૈયાર કરેલ જીવામૃત ઘન જીવામૃતનો ઉપયોગ કરવા અંગે વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. જેથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટે અને જમીનની ફળદ્રુપતા , પોષકતત્વોની ઉપલબ્ધી વધે છે. પ્રાકૃતિક ખેતી કરી ખેતી ખર્ચ ઘટાડી અને ખેડૂતોની આવક બમણી કરવામાં ઉદ્દેશથી આ તાલીમમાં ખેતીવાડીની અધિકારીઓ અને કર્મચારીઓ એ ખેડૂતોને સમજ આપી, આ પ્રસંગે ભરતસિંહ ઝાલા સિંચાઈ સમિતિ ચેરમેન, યશવંતસિંહ બિહોલા મદદનીશ ખેતી નિયામક, ગોકુલભાઈ ગોઠી વિસ્તરણ અધિકારી ખેતી, મિલનભાઈ પાવરા વિસ્તરણ અધિકારી ખેતી, ચિરાગ પટેલ ય્ઇઞ, કે.ડી .ચાવડા ય્જીહ્લઞ, ભરતભાઈ ભોગયતા, એન.સી દવે, તથા જયેશભાઈ ચોધરી, દિલીપભાઈ, લાલસિંહ, દીપકભાઈ, અશ્વિનભાઈ પ્રશાંતભાઈ ગ્રામસેવકોતથા આજુબાજુ ગામના સરપંચો તથા બહોળી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

# ઉમા સંસ્કાર તીર્થ ચંન્દ્રાલા ખાતે ૭મીએ કડવા પાટીદાર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

ચિલોડા, તા. ૪

મહાવદ-૨, તા. ૭મી ફેબ્રુઆરી મંગળવારના રોજ ઉમા સંસ્કાર તીર્થ ચંન્દ્રાલા ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ આયોજીત ૩૦મો સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજાનારા કાર્યક્રમમાં ૧૪ નવદંપતિ પ્રભુતામાં પગલાં પાડશે. આ લગ્નોત્સવમાં ૭.૧૫ કલાકે સવારે આગમન, સવારે ૭.૩૫ કલાકે ગ્રહશાંતિ, સવારે ૧૦.૩૫ કલાકે હસ્તમેળાપ અને બપોરે ૧.૧૫ કલાકે કન્યા વિદાય માંગલ્યોત્સવ યોજાશે. જેથી આ શુભપ્રસંગે પ્રભુતામાં પગલાં પાડતા નવદંપતિઓને આશીર્વાદ આપવા સમાજના પરિવારોને ઉપસ્થિત રહેવાનું જણાવ્યું છે.

# ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો

ગાંધીનગર,તા.૦૪

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત કારકિર્દી માર્ગદર્શન સેમીનાર માં સરકારી વિનયન કોલેજ વાવના અધ્યાપક શ્રી શિવાભાઈ રબારી, વડનગર કોલેજના અધ્યાપક શ્રી પાયલ બેન રબારી, જવાહર નવોદય કેન્દ્રીય વિદ્યાલય ના શ્રી પ્રવીણભાઈ ડાબારા ઉપસ્થિત રહ્યા હતા. આજના સમયમાં વિદ્યાર્થીઓ ને બી. એ પછી કયા કયા ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકે તેના માટેની વિસ્તૃત ચર્ચા થઈ હતી. સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટે કેવી રીતે મહેનત કરવી અને ક્યાં પુસ્તકોનું અધ્યયન કરવું તેના વિશે માહિતી આપી હતી. જી.પી. એસ.સી, યુ.પી. એસ.સી, પોલીસ કોન્સ્ટેબલ, પી.એસ.આઇ, ક્લાર્ક, તલાટી, શિક્ષક બનવા માટે કેવા પ્રકારની તૈયારી કરવી તેના વિશે વિદ્યાર્થીઓને માહિતીગાર કર્યા હતા. અધ્યક્ષીય વક્તવ્યમાં સંયોજક શ્રી ડૉ.રાજેન્દ્ર જોશી એ જીવન ઘડતર અને કારકિર્દી ઘડતર પર વાત કરી હતી. આભાર દર્શન અંગ્રેજી વિષયના અધ્યાપક ડૉ. અમરેદ્ર પાંડે એ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ નું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ.મોતીભાઈ દેવું દ્વારા કરવામાં આવ્યું હતું.



# ત્રણ વર્ષમાં એક કરોડ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાનું લક્ષ્ય : રાજ્યપાલ

ગાંધીનગર,તા.૦૪

ભારત સરકારની બજેટ સમિતિના રાષ્ટ્રીય સંયોજક, રાજયસભાના સાંસદ અને બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી શ્રી સુશીલ કુમાર મોદીએ આજે રાજભવનમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે વર્ષ ૨૦૨૩-૨૪ના સામાન્ય અંદાજપત્રમાં ગુજરાત, સહકારી ક્ષેત્ર અને ખેડૂતો માટેના મહત્વના પ્રાવધાન વિશે વિસ્તૃત આદાન-પ્રદાન કર્યું હતું.

સહકાર, લઘુ, સૂક્ષ્મ, કુટિર અને મધ્યમ ઉદ્યોગોના રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ આ બેઠકમાં સહભાગી થયા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આ અંદાજપત્રમાં આગામી ત્રણ વર્ષમાં ભારતમાં એક કરોડથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ સાથે જોડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ માટે રૂપિયા ૪૬૯ કરોડનું પ્રાવધાન છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોક કલ્યાણ માટેની આ મહત્વકાંક્ષી કૃષિ પદ્ધતિને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. પ્રતિવર્ષ ભારતના અઢી લાખ કરોડ રૂપિયા રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઈડ્સની આયાત માટે વિદેશોમાં જાય છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી આ નાણાં બચશે, જે જનહિતની અન્ય યોજનાઓમાં વાપરી શકાશે. એટલું જ નહીં, કૃષિમાં બાયો ઈનપુટ રિસર્ચ માટે ભારતમાં ૧૦,૦૦૦ સેન્ટર્સ સ્થાપિત કરવાનું પણ આયોજન છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ ખેડૂતોને ઘર આંગણે ઉપલબ્ધ કરાવવા ગુજરાત સરકાર ખેડૂતોને જ ટ્રેનર બનાવશે. પ્રાકૃતિક ખેતી કરી રહેલા ખેડૂતો જ અન્ય ખેડૂતોને તાલીમ આપે એવી ઓછી ખર્ચાળ અને અત્યંત અસરકારક યોજના તૈયાર કરવામાં આવી રહી છે, જેના સારા પરિણામો આવશે.

